ગાંધીનગર સમાચાર





# નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

## પમરાટ

કોણ પૂછે તો કહું કે આ ઉદાસી કેમ છે ?
ગામ, શેરી ને પછી ઘર કુશળ છે, ક્ષેમ છે.

જે હતાં લીલાં હવે સૂકાં થયાં, ઓ ડાળખી!
પાંદડાંને કારણે પોપટ હતા – નો વ્હેમ છે.

બંધ દરવાજે ટકોરા મારતાં તારાં સ્મરણ
નામ સરનામા વગરના કાગળોની જેમ છે.

હું તને મારી ગઝલ દ્વારા ફક્ત ચાહી શકું
એ સમે આ શબ્દ સાલા સાવ ટાઢા હેમ છે.

ચિનુ મોદી.

## પાથેય

# ગામનો ગોકીરો...

જનહદયના ભાવોને વ્યકત કરે એવા શબ્દો આપોઆપ જ 'કોઈન' થઈ જતા હોય છે.લોકગીતો લોકબોલી કે લોકવાર્તાઓની માફક આપોઆપ આકાર લેતા આવા શબ્દોની પણ એક આગવી સુગંધ હોય છે..શબ્દોનું આ ગણિત શાસ્ત્રીય માપદંડોથી ના સમજાય..એ માટે આપણે જીવાતી જિંદગીનાં સ્પંદનોને પામવાં પડે. જન ધબકારને સાંભળવો પડે..ઘણીવાર શબ્દકોશના રેડીમેડ શબ્દો કરતાં વગડાઉ ફુલ જેવા લોકબોલીના શબ્દોની મજા અનેરી હોય છે...

તહેવાર કે ફેસ્ટીવલ કરતાં પરબલું શબ્દની નજાકત અલગ છે..વઢિયારમાં બહાર રહેતા લોકો દિવાળી કરવા વતનમાં આવતાં ત્યારે કહેતાં " પરબલાં કરવા આવ્યાં છીએ.." વતન તરફ જતી સડક કે એકસ્પ્રેસ હાઈવે ભલે હોય પણ 'વતનની વાટે' શબ્દમાં જે ઉલ્લાસ છે એ આગવો છે..ગામડામાં લોકો ચાલવું નથી બોલતા હેંડવું કહે છે..હેંડતાં હેંડતાં હિલ્લોળા લેતી કોઈ સીમને નીરખવાની મજા બધા નથી લઈ શકતા..જનનીના ધાવણ જેવા તળપદા શબ્દવૈભવનો જોટો જડવો મુશ્કેલ છે.

મિત્ર માટે વપરાતો ભાઈબંધ કે ભેરૂ શબ્દની છટા જુઓ..એ જ રીતે માણસ માટે મનેખ, કે મહેમાન માટે પરોણો એવા શબ્દોની સુવાસ પણ માણવા જેવી છે..માણસનું જીવન એટલે મનખા અવતાર...અને 'બે ઘરનો પરોણો ભુખે મરે 'એવું લોક ડહાપણ..સાફસફાઈ માટે વાસીંદુ વાળવું સહજ બોલાતો ગ્રામ્ય ઉદગાર..મારા મનમાં રોજ સવારે વાસીંદુ વાળતી બા અને એના સાડલાની ધુળભરી કોર હંમેશાં જીવંત છે..!

નરણા કોઠે પાણી પીવાની વાત કે ઈંધણાં ભેગાં કરી ચુલો પેટાવવાની વાત ભલે આઉટડેટેડ લાગે પણ આજેય એના પડઘા ગામડાના વારસદારો અનુભવી શકે છે..શહેરની સોસાયટીને ગેટ હોય ગામડાને ગોંદરૂં હોય..ગેટ બંધિયાર હોઈ શકે ગોંદરાનો વૈભવ એના ખૂલ્લાપણામાં છે..ગામનેં ગાંદરે ગાડું આવે એ દ્રશ્યો હવે કિતાબોમાં પણ નહીં ફકત મોબાઈલની કોઈ શુષ્ક ગેલેરીમાં બચ્યાં છે..! ઘર એટલે ખોરડું અને એનો આવકારો એ જ એની ઓળખ..એ જ એની ખાનદાની..! બંગલા કે ફલેટની આવી કોઈ વિરાસત નથી હોતી! ખોરડાની ખાનદાનીના સેંકડો કિસ્સા છે..

ગામના ચોરે થતી 'ચેટ' એટલે ગામગપાટા ! રસ્તા માટે મારગ..ગામમાં થતા અવાજો એટલે ગામગોકીરો ! વૃક્ષો એટલે ઝાડવાં ને આકાશ એટલે આભલું..બનાસનો પટ એટલે સીધોસટ જળપ્રવાહ..બનાસની રેત એટલે નકરૂં હેત..આડેધડ બાવળ એટલે વગડાઉ વૈભવ..બનાસના ઉંડા ધરામાં આત્મવિશ્વાસથી કૂદી પડવું એટલે ધુબાકા..! જીવનની અનેક હાડમારીઓ અને અભાવોથી ગ્રસ્ત મેલાઘેલા કોઈ માણસને તમે પુછો કે 'કેમ છો ?" તો ખુમારીભર્યા ચહેરે એ કહેશે કે "બસ ધુબાકા છે..!"

# ભીતરે અજવાળું કરતા માણસો

આમ તો જીવન પોતે જ સતત પલટાતું રહેવાનો ગુણધર્મ ધરાવે છે..જન્મથી લઈને મરણ સુધી આપણે કેટકેટલાં સ્વરૂપ જોતા રહીએ છીએ ? બાળપણની કે કિશોરાવસ્થાની એકાદી તસવીર કે કોઈ પ્રસંગ મોટપની જયારે નજર સામે આવે ત્યારે ઘડીભર ચકિત થઈ જવાતું હોય છે..દરેક માણસ જેમ જેમ જીવતો જેમ છે એમ અનેકવિધ સ્વરૂપે બદલાતો પણ રહે છે..જે વહે છે એ જ જીવન છે..જો ઠપ્પ થઈ જવાય તો એ અંત હોય છે..માણસ પોતાના બદલાતા પરિવેશ, સંબંધો કે દરજ્જા બાબતે સભાન હોય છે..એનો સહજ સ્વીકાર પણ થતો રહે છે..પંરતુ પોતાની બદલાતી જિંદગીનાં પરિબળો વિશે મનન કરવું કે એવાં ચોક્કસ કારણો તારવવા બાબતે મોટાભાગના માણસોને કંઈ પડી હોતી નથી...માણસ જયારે કોઈ મોટી સફળતા મેળવે કે મહાન માણસ થઈ જાય ત્યારે એની સિધ્ધિ માટે જવાબદાર કારણો ઘટનાઓ કે એની પાછળ રહેલી વ્યકિતઓ વિશે જાણવાની તાલાવેલી દુનિયાને રહે છે...સરેરાશ માણસ પણ પોતાની રીતે અનોખો જ હોય છે..એના જીવનમાં પણ આવી ઘટનાઓ બનતી જ હોય છે..એમાં પરિણામો ભલે જગત માટે બહુ મહત્વનાં ના હોય પરંતુ એના પોતાના માટે તો એ માઈલસ્ટોન જેવાં હોય છે...

માણસની વાત કરીએ તો એની મુખ્ય જરૂરિયાત રોટી કપડાં અને મકાન નહીં પણ સ્નેહની સતત ઝંખના છે. માણસને હંમેશાં માણસની ભુખ હોય છે...કેમકે દરેકની પાસે આગવું દુઃખ હોય છે..કંટાળો કે એકવિધતા એ દુઃખની અર્થચ્છાયાઓ છે..તો મનગમતી સંગત એ સધિયારો છે..વિપતમાં વલોપાત હોય...કંટાળામાં ઉલ્કાપાત..



સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

ચંદ્રકાંત બક્ષી લખે છે.."દુઃખ અને કંટાળો એ બંનેમાંથી પસંદગી કરવાની હોય તો હું દુઃખ ને પસંદ કરું.." પરંતુ જીવન કોઈને પસંદગીથી મળતું નથી...અહીં જે મળે એનો સહજ સ્વીકાર જ આનંદનો પુરસ્કાર હોય છે..વસવસાથી વિપત વણસે છે..વિપત પડે ના વલખીએ એમ ને એમ થોડું કહેવાયું હશે ?

આમછતાં કોઈકની પાસે દિલ ખોલવાથી મુંઝારાની વરાળ નિકળી પણ જતી હોય છે.. એટલે જ આપણે કોઈકને ઝંખીએ છીએ..કયારેક સહરાની પ્રખર તરસથી..!! મારી વાત કરું તો આપણું જીવન એવી કોઈ મોટી ઘટના નથી..મને નાનપણથી જ સતત કોઈકની હૂંફ કે નિર્વ્યાજ પ્રેમની તીવ્ર તાલાવેલી છે..હું એકલો પડું તો મને સતત આ વાત ડંખતી..સુખ કે આનંદ શામાં સમાયેલા છે ? એ સમજાવનારની મને તલાશ હતી..નાનકડા ગામના યુવાન તરીકે એકલા અટુલા વતનથી પાંચસો કિલોમીટર દૂર મને સરકારી નોકરી મળી હતી..અભાવો એકલતા અને અપૂરતી સગવડો સાથે જીવવાનું તો મને ફાવી ગયેલું પણ એકલા રહીને પણ આનંદિત કઈ રીતે રહી શકાય એ માટેનો એક પ્રસંગ કે થોડોક પરિચય મારા જીવનને એક ચોક્કસ નવું જોમ આપનાર તો કહી જ શકાય એવી છે..

નોકરીના ભાગરૂપે ઘર અને વતનથી દૂર વર્ષો પહેલાં નર્મદા કિનારે કેવડિયા કોલોનીમાં રમ્ય નર્મદાના કાંઠા ઉપર મારો નિવાસ હતો..એ એક સરકારી સુવિધા હતી..જેમાં રહેવા વાળા ઓછા અને ખાલીખમ ઓરડા અનેક હતા..એ નિવાસ એટલે કે ઑફિસર્સ હૉસ્ટેલની કાળઝાળ એકલતા મને ઘેરી વળતી...બારી ખોલું તો રેવા મારાથી હાથવેંત દૂર લાગે..ઉંઘી જો જાઉં તો અટપટા ખેલ ભાસે..ચાલુ દિવસોમાં જરીક ચહલપહલ જોવા મળે..વિક એન્ડમાં સહુ પોતપોતાના ઘેર..આપણે તો એવું કશું હતું નહીં..રોજ રોજ જઈ શકાય એટલું નજીક વતન પણ ના હતું અને એવી આર્થિક ત્રેવડ પણ ન હતી.

ઓફિસર્સ હોસ્ટેલનું પ્રાંગણ સૂમસામ જ રહેતું. એમાં પણ વીક એન્ડમાં તો ભેંકાર જ..યુવાનીમાં મારૂં એ પગરણ હતું..આજે સમયના લાંબા અંતરાલ પછી એ જગ્યાએ ઉભો છું. ઘડીભર...રેવા હવે એ રેવા નથી..મને બદલી નાખનાર અથવા તો મારી જિંદગીમાં એક નવી હવાની લ્હેરખીનો અનુભવ કરાવનાર એ થોડાક સહવાસની વાત કરૂં..એ કોઈ પ્રેમકથા નથી બસ એક વૃધ્ધ વનવાસી એવા હોસ્ટેલના રસોયા પાસેથી મળેલું જીવનભાથું છે.

એ હોસ્ટેલના રસોઈયા લલ્લુકાકા એક અનોખો આનંદ લઈને જીવતા...એ ત્યાંના જ વનવાસી હતા..નર્મદાને એમણે હણહણતી જોઈ હતી..કેટલાય અધિકારીઓની આવનજાવન એમણે નિર્લેપભાવે જોઈ હતી..એમાંથી ઘણા તો આજે ખુબ ઉચ્ચસ્થાને હતા..કેટલાક ભુલાઈ ગયા હતા..એમની વૃધ્ધ આંખોમાં આ બધું અકબંધ હતું..પોતાના આ અનુભવો એ રસપ્રદ રીતે સહુને કહેતા.સાંભળનારા આનંદ પામતા અને એ પોતે પણ ભરપૂર મજા માણતા..આમ તો એ ગમતાનો ગુલાલ કરવા જેવી વાત હતી પણ અહીં જરાક મૌલિક હતી.

એ આનંદ કરાવનારનું નામ લલ્લુકાકા.એમની પાસે ઉમંગ હતો..તરવરાટ હતો અનુભવોનો ખજાનો હતો..એ પ્રેમથી અમને જમાડતા...વાતોની ઉજાણી કરતા.રાત્રીની નીરવતા...રેવાનો ખળખળ ધ્વનિ...અનુપમ આકાશનો ચંદરવો...અમારી એકલતા લલ્લુકાકાની વાતોના તડાકાઓથી ભાગી જતી ત્યારે ટી.વી.;મોબાઈલ કે ઈન્ટરનેટ કશું જ ન હતું...કેવળ લાગણીના તાર હતા...કોરો કાગળ અને ભીંજાયેલી પેનનો સહવાસ હતો..કવિતા ટપકતી..કોઈ શિશુના માસુમ ચહેરા ઉપરથી ટપકતા અશ્રુની માફક..જો કોઈ જરીક નિરાશ થાય તો એ તુરત બોલતા..

."આમ શું બેઠો છે...થોડુંક હસી લે...તારું પદ નહી ખસી જાય..' લલ્લુકાકા મજાક કરતા ત્યારે આનંદ વ્યાપી જતો..રાજેન્દ્ર શાહ કહે છે..'ભાઈ રે આપણા દુઃખ નું કેટલું જોર...?" નિરક્ષર લલ્લુકાકા વ્યવ્હારમાં અમને આવો અનુભવ કરાવતા..અને પછી પોતાની અનુભવ કથાઓ અને એમના કસબ થકી બનાવેલી રસોઈની અમને તરબતર કરતા..એમના ટૂંકા સહવાસથી એક વાત શીખવા મળી કે જિંદગીની નિરાશા એ એકલા એકલા વેઠવા માટેનું વૈતરું નથી..એને આપણી ભીતર પડેલી અમીરાતથી ઝળહળતાં કરી શકાય છે.એ માટે કોઈ મોટા હોદાની કે મોટા માણસોની કે કોઈ મોટી ફિલસૂફીની જરૂર હોતી નથી..જે કોઈ મળે એ માણસ મનગમતું..આપણે જે જીવ્યા એ વેઠ નહીં પરંતું વહેંચી શકાય એવો અનુભવ પ્રસાદ છે. લલ્લુકાકાએ મને એકલા જીવવાની જડીબુટ્ટી આપી દીધી હતી..એ પછી મને અભાવો કે મુસીબતો કયારેય ભારરૂપ લાગ્યા નથી..મારી પાસે જે છે એને સજાવી એને શણગારી બીજા સાથે સહભાગી થવું અને એ રીતે જિંદગીનો સાથ નિભાવતા જવાનો અદ્ભુત રાહ એમણે મને આપ્યો..આ ઘટનાને કોઈ મોટા કે મહાન માણસના જીવનમાં બને છે એવી યુગ પ્રવર્તક ઘટના ભલે ના ગણી શકાય પણ મારા જેવા એકાકી અને એકલા યુવાન માટે તો એ શકવર્તી ઘટના ચોક્કસ હતી..

શીખવાનો ઈલમ પણ કેવો સહજ હોય છે..દોડધામ વચ્ચે કેટકેટલું છટકી જતું હોય છે..આપણે કોઈક સ્થગિતતાનો જાણે ભોગ બની જઈએ છીએ..આ એકવિધતાને અતિક્રમીએ ત્યારે એકલતા એકાંતમાં પરિણમે છે. એકાંતનું પોતાનું આગવું સૌંદર્ય હોય છે.એમાં જયારે કોઈક મનગમતી વ્યકિતની હૂંફ મળી જાય છે.. ત્યારે એ ઝગમગી ઉઠે છે.. દિલ કહી ઉઠે છે....

"તમેઆવ્યા,ઘણું સારું થયું..
ભીતરે સહેજ,અજવાળું થયું

- rrhakkar2@gmail.com

# સાપ્તાહિક રાશિફળ (તા. ૧૯-૦૮-૨૩ થી ૨૫-૦૮-૨૩ સુધી)

**૧. મેષ રાશિ (અ.લ.ઈ.)**

આ સપ્તાહ આપને માટે વધુ ફળદાયક રહેશે. આપની કેરિયર સંબંધી શુભફળ પ્રાપ્ત થાય. સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે. ખોરાકનું ધ્યાન રાખવું. માતા તરફથી શુભત્વ પ્રાપ્ત થાય. આશીર્વાદ મળે. મકાન, સંપત્તિના બાબતે નાણાંકીય આયોજન માટે કરજ થઈ શકે. સંપત્તિને લગતા કામ થાય. ધંધા વ્યવસાય અંગે યથાસ્થિતિ જળવાય. દાંપત્ય જીવનમાં મધુરતા આવે. કૌટુંબિક સહકાર મળે. સંતાન સુખ મળે. રાજયકાર્યમાં કુશળતા - વિદ્યાર્થીને સાનુકૂળ સમય, જલઘાત થી સાચવવું. ગણેશઅથર્વશીર્ષ પાઠ કરવો.

**૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)**

આ સપ્તાહ આરોગ્ય જાળવવું. પરાક્રમમાં વધારો થાય. ભાઈભાંડુ સહકાર આપે. પરિવારમાં સમુધુરતા જળવાય. માતૃસુખ સારું મળે. કૃષિ, જમીન, જાયદાદનો લાભ મળે. વાહન પ્રાપ્તિ થાય. વ્યવસાયમાં સાવચેત રહેવું. વિદ્યાર્થીઓ માટે સાનુકૂળ સમય. દાંપત્ય જીવનમાં આનંદમય અને સુખદ સમય પસાર થાય. નાની યાત્રા થાય. કરજ લેવાના કામો થાય. જે નાણાં સંપત્તિમાં વપરાય. સંતાનથી ધન પ્રાપ્તિ થાય. પરંતુ વ્યય વધારે થાય. નોકરીમાં ધાર્યું કામ થાય. હનુમાનજીની ઉપાસના કરવી.

**૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)**

આ સપ્તાહ આરોગ્ય જળવાય પરંતુ આંખોની કાળજી લેવી, સાંસારિક પ્રશ્નો ઊભા થાય. પરિવારમાં સુમેળ રહે તે જોવું, ભાઈ-બહેનનું સુખ મળે. મુસાફરીનો યોગ થાય. વ્યવસાયમાં દોડધામ રહે, પરંતુ આવક થાય. મકાન, વાહનનો શુભયોગ છે. કાર્યમાં સફળતા મળે. પુત્ર સુખ પ્રાપ્ત થાય. મોસાળથી લાભ થાય. ભાગ્યોદયમાં વિલંબ થાય. અધુરા કાર્યો વિલંબથી થાય. જાહેર ક્ષેત્રમાં લાભ મળે. મિત્રો મદદ કરે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસમાં સફળતા. વિદેશ ગમન થાય.

**૪. કર્ક રાશિ (ડ.હ.)**

આ સપ્તાહ તંદુરસ્તી સારી રહે. તેમજ મન પ્રફુલ્લિત રહે, નાણાંકીય આવકનો સ્ત્રોત ઉભો થાય. ભાઈ-ભાંડુ સહકાર મળે. સંપત્તિ અંગેના કામ થાય. તેમાં વધારો થાય, અકસ્માતથી બચવું, વાહન ધીમે ચલાવવું. ભાગ્યોદય થાય. ધંધા વ્યવસાયમાં હાલ નવું રોકાણ ન કરવું. સુખ-વૈભવમાં વધારો થાય. સંસાર જીવન મધુરતા આવે પરિવાર સાથે પ્રવાસ થાય. ગમા-અણગમા બદલાતી જાય. વડીલ સાથે મતભેદ રહે. આંતરિક - શારીરિક તકલીફ રહે. નોકરીમાં ઉપરી વર્ગ સાથે વિવાદ થાય. શિવ ઉપાસના, અભિષેક કરવો.

**૫. સિંહ રાશિ (મ.ટ.)**

આ સપ્તાહ તંદુરસ્તીની દૃષ્ટિએ મધ્યમ રહે. પરિવારના સભ્યો સાથે સુમેળ જળવાય. સૌના સહકારથી સુમેળ થાય. મનની અશાંતિ તેમજ તનમાં સ્ફુર્તિનો અભાવ જણાય. મહત્ત્વાકાંક્ષાઓ પૂરી થાય. ભાઈ-ભાંડુ મદદ મળે. મકાન, વાહન, સંપત્તિ વગેરેના અટકેલ કાર્ય થાય. દુશ્મનોથી સાવચેત રહેવું. દાંપત્ય સુખમાં મતભેદ ઊભા થાય. વ્યવસાયમાં અનિર્ણિત પ્રશ્નોનો ઉકેલ આવે. વિદ્યાર્થીને ઉચ્ચ અભ્યાસમાં સફળતા. નોકરીમાં સાવચેત રહેવું. સૂર્ય ઉપાસના રવિવાર કરશો.

**૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)**

આ સપ્તાહ તંદુરસ્તી જળવાઈ રહે. માનસિક શારીરિક સુખાકારીમાં વધારો થાય. કૌટુંબિક સુખમાં સૌ સભ્યના સહકારથી વધારો થાય. ભાઈ-બહેન પણ આપને સામાજિક કાર્યોમેં સહકાર આપે. સંતાન સુખમાં ઉણપ આવે. કરજ લોનથી દેવું વધે. જે માનસિક અશાંતિ ઊભી કરે. નાની યાત્રા થાય. ભાગીદારી હોય તો ધંધામાં સાવચેત રહી આગળ વધવું. સંપત્તિમાં વધારો કરવા નવી ખરીદીમાં કામ થઈ શકે. જેમાં લાભ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક અભ્યાસ સફળતા. શુભ સમય હોઈ ધારણા મુજબ પ્રવેશ મેળવી શકાય. નોકરીમાં પ્રમોશન તેમજ બદલીના યોગ જણાય છે.

**૭. તુલા રાશિ (ર.ત.)**

આ સપ્તાહ આપને માનસિક પીડા અનુભવાય. વ્યગ્રતા જણાય. સામાજિક કાર્યોમાં કૌટુંબિક સહકાર મળી રહે. તમારી પ્રતિષ્ઠા વધે. દાંપત્ય જીવનમાં ભાઈ-ભાંડુ ઉદ્વેગ આપે. આપે સંપત્તિના કામો આ સમયમાં મુલત્વી રાખવા યથાવત સ્થિતિ રાખવી. સંતાન અંગે કોઈ પણ પ્રશ્ન તમને સતાવે. જે કૌટુંબિક પ્રશ્નો ઉભા કરાવે. આવકની દૃષ્ટિએ સમય સાનુકૂળ છે. જાહેર કામો લાભ કરાવે. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધે. વ્યવસાય સમય સાનુકૂળ રહે. વિદ્યાર્થી મિત્રોને કોઈ પણ જાતના પ્રશ્નો વિચલિત કરાવે. સરસ્વતી ઉપાસના કરવી.

**૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)**

આ સપ્તાહ આપના માટે વ્યસ્તતા લઈ આવ્યું છે. ખાસ કરીને નાણાંકીય ક્ષેત્રે વ્યવસાયમાં મોટા ફેરફાર થવા શક્યતા છે. આકસ્મિક લાભ થતા મળી શકે. માતાના સ્વાસ્થ્યની કાળજી લેવી. લોન-કરજ લીધેલ હશે તો માનસિક તાણ અનુભવે. મોસાળ પક્ષ તરફથી સંબંધ બગાડી શકે. આરોગ્ય અંગે ખાસ કાળજી લેવી પડશે. સર્જરી થઈ શકે. વ્યવમાં વધારો થાય. ખાસ કરી હોસ્પિટલના ખર્ચો કરવો પડે. રાજકીયક્ષેત્રે મોટો લાભ થવા શક્યતા છે. પ્રતિષ્ઠામાં વધારો થાય. ગણેશ વંદના કરવી.



જ્યોતિષાચાર્ય

વિષ્ણુભાઈ વૈષ્ણવ

**૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)**

આ સપ્તાહ આકસ્મિક બિમારી ન આવે તે જોવું. આવક ક્ષેત્રે નાણાંકીય ખેંચ અનુભવાય. કૌટુંબિક દૃષ્ટિએ ભાઈ-ભાંડુનો અસહકાર જોવા મળે. મકાન, વાહન, જમીન, સંપત્તિના કામો થાય. જે લાંબી વિચારણા બાદ આગળ વધવું. નાની યાત્રા થાય. સંતાનના પ્રશ્નો સતાવે તથા સંતાનની વિદ્યા ક્ષેત્રે પરિણામ પરેશાની વધારે. પૂર્વજન્મના કર્મો તમને અશાંતિ આપે. ભારે-વૈભવ હાનિ કરાવે. ભાગ્યોદય થવાનો છે. ધાર્મિકતા તમને દરેક બાબતે સાંત્વન આપશે. વિદ્યાર્થીઓ ને સાચવવા જેવો સમય રહેશે. દત્તાત્રેય ઉપાસના કરવી.

**૧૦. મકર રાશિ (ખ.જ.)**

આ સપ્તાહ આપની તંદુરસ્તી સારી રહેશે. આપને આવક ક્ષેત્રમાં ઉણપનો અનુભવ થશે. ધીમે ધીમે આવકમાં સુધારો આવશે. કૌટુંબિક અને પારિવારિક સંબંધોમાં ખટરાગ પેદા થવા સંભાવના હોઈ. વાણીનો સમય રાખી સૌને એકત્રિત રાખવા. મકાન, જમીન, સંપત્તિ અંગેના કામમાં સફળતા મળે. જેમાં વિચારણા બાદ આગળ વધવું. દાંપત્યજીવન સુખમય વીતે. વ્યવસાયમાં યથાસ્થિતિ રાખવી. ભાગ્યોદય થાય. વિદ્યાર્થી માટે શુભ સમય. શનિ ઉપાસના કરવી.

**૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)**

આ સપ્તાહ તબિયત નબળી રહેશે. તો સ્વાસ્થ્ય સુધારો લાવો. તમારે દરેક પ્રયત્નો પૂર્ણ કરવા મચી પડો ફતેહ છે આગે, સંચિત નાણાંથી ખર્ચ વધુ થાય. આર્થિક જોખમ રહેશે. વ્યવસાય અર્થે વિદેશ જઈ શકાય. માનસિક સંતુલન જાળવવું. મધ્યમ યાત્રા થાય. શૈક્ષણિક ક્ષેત્રમાં સફળતા. મકાન વાહન, સંપત્તિ યથાવત રાખો. સ્ત્રીઓ માટે સામાન્ય. નોકરીમાં સારો સમય રહે. ગુરુ પૂજા કરવી.

**૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)**

આ સપ્તાહ તમારો આત્મવિશ્વાસ ટકી રહે, સંપૂર્ણ આદર પૂર્વક ઉપયોગ કરવો. સમયનો બગાડ ન કરવો, ઉત્પાદક કાર્ય કરવા પ્રયત્ન કરવો. રોકાણ યોજનામા દોડાદોડ ન કરવી. કોઈ પણ પગલું આર્થિક નુકશાન આપી શકે. નિષ્ણાંતની સલાહ લેવી. પરિવારમાં ખુશી રહે. દાંપત્ય સુખાકારી સારી. સંતાનના પ્રશ્નો ઉકેલ આવે. પરિવારનો સહકાર મળે. સંપત્તિમાં વધારો ન કરવો. ધંધામાં સફળતા મળશે. સંતાનના શૈક્ષણિક પ્રશ્નોનો ઉકેલ આવે. નોકરીમાં શુભ-સાનુકૂળ સમય. શિવ ઉપાસના કરવી.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

## સપ્તાહના તહેવારો -પંચાગ

તા. ૧૯-૦૮-૨૩ ઠકુરાણી ત્રીજ
તા. ૨૦-૦૮-૨૩ વિનાયક ચતુર્થી
તા. ૨૨-૦૮-૨૩ કલ્કિ જયંતિ
તા. ૨૪-૦૮-૨૩ દુર્ગાષ્ટમી
તા. ૨૫-૦૮-૨૩ શ્રીનાથજીનો મહોત્સવ
● ગોચર પ્રવેશ - સૂર્ય સિંહ રાશિમાં (મધા નક્ષત્ર)

# ડિલિશિયસ સફરજન પ્રણેતા, ભારત માટેના એકમાત્ર અમેરિકન ક્રાંતિકારી અને આર્ય સમાજના સાધુ : સત્યાનંદ સ્ટોક્સ

આ વાર્તા અંગ્રેજોની ગુલામીમાંથી સ્વતંત્રતા મેળવવાની ચળવળમાં ભાગ લેનાર એક માત્ર અમેરિકન વ્યક્તિ કે જેણે ભારતમાં સફરજનની ખેતી કરી ગ્રામોધાન અને ચર્ચથી શરૂ થઈ અંતે આર્ય સમાજ મંદિર બનાવવા પર સમાપ્ત થાય છે. આ અમેરિકન ક્રાંતિકારીનું તેમનું નામ છે સેમ્યુઅલ એવાન સ્ટોક્સ ઉર્ફે સત્યાનંદ સ્ટોક્સ. સત્યાનંદ સ્ટોક્સની જીવનકથા હિમાચલ પ્રદેશના કોટગઢમાં થાનાધારથી છ કિલોમીટરના અંતરે ૧૮૪૩માં અંગ્રેજો દ્વારા બાંધવામાં આવેલા ચર્ચથી શરૂ થાય છે અને અંતે આર્ય સમાજ મંદિર બનાવવા પર સમાપ્ત થાય છે. આ માણસે ભારતના વેદ અને વૈદિક ધર્મનો વિશ્વ સમક્ષ પરિચય કરાવ્યો. સને ૧૯૦૦ માં એકવીસ વર્ષીય યુવાન સેમ્યુઅલ ઈવાન્સ સ્ટોક્સ તેના અમેરિકન ધનિક પિતા કે જેમનો લિફ્ટ અને તેના સરંજામને લગતો મોટો ધંધો હતો. સ્ટોક્સ અને પેરિશ એલિવેટર કંપની પાછળથી ઓટિસ એલિવેટર્સ તરીકે જાણીતી બની. આવા ધનાઢ્ય વ્યક્તિનો પુત્ર ખ્રિસ્તી મિશનરી તરીકે ભારતમાં આવ્યો હતો. તે સમયે શ્રી અને શ્રીમતી કાર્લટન એક ડૉક્ટર દંપતી રક્તપિત્ત નિવારણ અને તેના દર્દીઓની સેવાનું કામ ભારતમાં કરી રહ્યા હતા. ઈવાન સ્ટોક્સ પણ એમની સાથે ૧૯૦૪ માં જોડાયા અને આખી જીંદગી ભારતમાં જ રહ્યા. તેઓ ભારતમાં ભગવાન ઈશુનો સંદેશ ફેલાવવા આવ્યા હતા પરંતુ આર્ય સમાજના સંપર્કમાં આવ્યા પછી વેદનો સંદેશ ફેલાવ્યો.

આ ડૉક્ટર દંપતિ ભારતમાંના લેપ્રસી મિશન સાથે કામ કરી રહ્યા હતા. પરિવારનો સખત વિરોધ પણ જ્યારે સ્ટોક્સે ભારતમાં રહીને જીવન વિતાવવાનું મન બનાવ્યું ત્યારે પરિવારને પણ તેમના આ નિર્ણય સામે ઝૂકવું પડ્યું. પિતાની સંપત્તિનો ઉપયોગ તેમણે ભારત માટે કર્યો. તેની માતાએ તેને શિમલાના બારોબાગમાં લગભગ ૨૦૦ એકરમાં ફેલાયેલ ચાનો બગીચો ભેટમાં આપ્યો હતો. સ્ટોક્સે હિમાલયના આ વિસ્તારમાં લાલ અને સોનેરી સ્વાદિષ્ટ સફરજન ' રેડ ડિલિશિયસ'ની ખેતી શરૂ કરી. સફરજનના રંગ અને સ્વાદને કારણે ભારતીય બજારમાં સિમલાના મીઠા સ્વાદિષ્ટ સફરજન અને કિન્નરના ગોલ્ડન ડેલિશિયસ લોકપ્રિય બન્યા અને હિમાચલ પ્રદેશ આજે સફરજનના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક બની ગયું છે. બજારમાં તેની માંગને પહોંચી વળવા સ્થાનિકોએ પણ બટાકા અને પ્લમના તેમના સામાન્ય પાકને બદલે સફરજનનું વાવેતર શરૂ કર્યું. સ્ટોક્સે આ પ્રદેશોમાં બ્રિટિશ અધિકારીઓ અને પ્રવાસીઓ દ્વારા ગ્રામજનોની થતી ફરજિયાત ગુલામીને સમાપ્ત કરવા માટે ઝુંબેશ ચલાવી. આમ, સ્ટોકસના આ પ્રયત્નોથી દાયકાઓથી ગરીબ રહેલ સમુદાય સમૃદ્ધ થવા લાગ્યો અને તેઓ સિમલા પ્રદેશમાં ખૂબ નામના કમાણા.

જીવન અને માનવ ધર્મની સાચી વાસ્તવિકતા તેમને ત્યારે જ ખબર પડી જ્યારે દેશમાં પ્લેગ ફેલાયો. ગામના તંદુરસ્ત લોકો પોતાનો બચાવ કરવા દર્દીઓને નિઃસહાય છોડવા લાગ્યા. પણ તે સમયે આર્ય સમાજ અને આ સમાજના અનુયાયી, ઋષિ અને મહાત્મા પંડિત રૂલિયારામજી દર્દીઓની રાત-દિવસ સેવા કરી. પંડિતજીની આ સેવાને જોયા પછી સ્ટોક્સને સમજાયું કે માનવસેવા એ જ પ્રભુસેવા અને તે જ સાચો ધર્મ છે. થોડા સમય બાદ તેઓ લાલા લજપતરાય મળ્યા. લાલા લજપતરાયની દેશની આઝાદી માટેની વેદના, સમાજ પ્રત્યેની સેવા ભાવનાથી તેઓ પ્રેરિત થયા. ત્યારબાદ તેઓ આર્ય સમાજ, વૈદિક ધર્મ અને ઋષિ દયાનંદના વિચારોને સમજ્યા અને ' સત્યાર્થ પ્રકાશ' નો અભ્યાસ કર્યો. આમ, સ્ટોક્સે વૈદિક ધર્મ અપનાવીને વેટિકન અને ખ્રિસ્તી ધર્મમાંથી મુક્ત થઈ અને ભગવાનની શોધમાં તેઓ સાધુ બની સેમ્યુઅલ ઈવાનમાંથી સત્યાનંદ સ્ટોક્સ બન્યા. સાધુ બનવા પાછળનું કારણ પોતાની મુક્તિ નહીં પણ બીજાઓની નિસ્વાર્થ સેવા હતી. ભારતમાં તેઓ સંસ્કૃત શિખ્યા અને તેમના વિચારો તેમણે ' સત્યકામા ' નામના પુસ્તકમાં લખ્યા છે. તેમણે બીમાર લોકોની સંભાળ અને શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી. તેમણે ૧૯૩૭ માં તેમણે થાણેદારમાં મંદિર બધાવ્યું તેમાં તે સમયે ભારતીય ઉદ્યોગપતિ જુગલ કિશોર બિરલાએ તેમને પ્રોત્સાહિત કરવા રૂ. ૨૫,૦૦૦ નું યોગદાન આપ્યું હતું. આ પરમજ્યોતિ મંદિર અથવા શાશ્વત પ્રકાશના મંદિરના લાકડાના સ્તંભો પર ઉપનિષદ અને ભગવદગીતાના શિલાલેખો કોતરેલા. આ શિલાલેખોએ આજે પણ આર્ય સમાજની વિચારધારાઓને બચાવી રાખેલ છે તે બદલ આજે પણ આ આ સંતના ગુણગાન ગવાઈ રહ્યા છે. તેઓ ઈચ્છતા હતા કે તે લાકડા અને પથ્થરમાં બનેલી વાર્તાનું પુસ્તક બને.



ઉજળો વારસો

સતીષ ચારણ

sscharan_aaa@yahoo.co.in

આર્ય સમાજની વિચારધારાથી ભારત દેશને આઝાદ કરવાની તેમની ઈચ્છા પ્રબળ બનતાં બ્રિટિશ સામ્રાજ્યના વિરોધમાં સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેનારા એકમાત્ર અમેરિકન ક્રાંતિકારી બન્યા. ભારતમાં બ્રિટિશ સરકાર સામે રાજદ્રોહ અને નફરતને પ્રોત્સાહન આપવા માટે ૬ મહિના જેલમાં પણ વિતાવ્યા. ૧૯૧૯ માં જનરલ ડાયરના અમૃતસરના જલિયાવાલ તેઓ એટલા બધા દુઃખી થયા કે પોતે રાષ્ટ્રવાદી ચળવળમાં સામેલ થયા અને ગાંધીજીના અગ્રણી સહયોગી બન્યા. તેઓ એક માત્ર અમેરિકન હતા કે જેઓ અખિલ ભારતીય કોંગ્રેસના સભ્ય હતા.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧